# 20. तथैव तिष्ठति

જેમ પ્રત્યેક ફળનો પોતાનો આગવો રસ હોય છે તેમ સંસ્કૃતના પ્રત્યેક કવિએ રચેલા દરેક પદ્યમાં પોતાનો આગવો રસ હોય છે. છતાં આપણી વ્યક્તિગત રુચિને કારણે અમુક ફળને વધારે પસંદ કરીએ છીએ. આ વ્યવહાર જેમ કોઈ ફળના મહત્ત્વને હાનિ પહોંચાડતો નથી, તેમ મહાકવિઓનાં અમુક જ પદ્યો તરફ પસંદગી ઉતારીને તેમનો રસાસ્વાદ કરાવવાનો પ્રસ્તુત પાઠમાં કરવામાં આવેલો વ્યવહાર આ કવિઓનાં અન્ય પદ્યોનું મહત્ત્વ કોઈ રીતે ઓછું કરતો નથી.

આ પૃષ્ઠભૂમિને ધ્યાનમાં રાખીને અહીં જુદા જુદા કાળખંડમાં થઈ ગયેલા અને નાટક, મહાકાવ્ય, કથા, આખ્યાયિકા જેવા વિવિધ સાહિત્યપ્રકારની કાવ્યરચના કરીને સાહિત્યજગતમાં અમર થઈ ગયેલા છ મહાકવિઓની એક એક રચના પસંદ કરીને અહીં પ્રસ્તુત કરવામાં આવી છે.

પહેલો શ્લોક મહાકવિ ભાસના એકાંકી कर्णभारમાંથી લેવામાં આવ્યો છે. તેમાં દાન અને હોમનો મહિમા દર્શાવ્યો છે. બીજો શ્લોક મહાકવિ કાલિદાસના मालविकाग्निमित्रમાંથી છે જેમાં બીજાથી દોરવાયા વગર મનુષ્યે પોતે પોતાની બુદ્ધિથી સારા-નરસાનો વિચાર કરીને કોઈ નિશ્ચય કરવાનું જણાવ્યું છે. ભવભૂતિના उत्तररामचरितમાંથી લીધેલા ત્રીજા શ્લોકમાં મહાપુરુષોના મનની જે રીતે લાક્ષણિકતા વર્ણવેલી છે તે દર્શાવે છે કે દરેક મહાપુરુષનું મન વજ્રથી પણ કઠોર અને પુષ્પથી પણ કોમળ હોય છે. ચોથો શ્લોક ગદ્યકાર બાણભટ્ટની રચના તરીકે પ્રસિદ્ધિ પામેલો છે. તેમાં દુષ્ટ માણસના સ્વભાવની હકીકત વર્ણવેલી છે. પાંચમો શ્લોક નાટ્યકાર શૂદ્રકના मृच्छकटिकમાંથી પસંદ કરેલો છે. તેમાં દરિદ્ર માણસના દિલનું દયામણું દુઃખ આલેખાયું છે. છેલ્લો શ્લોક રવિગુપ્ત નામના કવિની રચના છે જેમાં સજ્જનની પ્રશંસા સુપેરે કરવામાં આવી છે. આ વર્ણનમાં સૂચિત થયેલી હકીકતો આજે પણ એટલી જ પ્રસ્તુત છે. તે મનુષ્યજીવનનો ભાગ બનવી જોઈએ, તો જ કાવ્યનું શિક્ષણ સફળ બની શકે.

---

शिक्षा क्षयं गच्छति कालपर्ययात्
　　सुबद्धमूलाः निपतन्ति पादपाः।
जलं जलस्थानगतं च शुष्यति
　　हुतं च दत्तं च तथैव तिष्ठति ॥ 1 ॥　　– भासस्य ॥

पुराणमित्येव न साधु सर्वं
　　न चापि काव्यं नवमित्यवद्यम्।
सन्तः परीक्ष्यान्यतरद् भजन्ते
　　मूढः परप्रत्ययनेयबुद्धिः ॥ 2 ॥　　– कालिदासस्य ॥

वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि।
लोकोत्तराणां चेतांसि को नु विज्ञातुमर्हति ॥ 3 ॥　　– भवभूतेः ॥

अन्यस्माल्लब्धपदो नीचः प्रायेण दुःसहो भवति।
रविरपि न दहति तादृग् यादृग् दहति वालुकानिकरः ॥ 4 ॥　　– बाणस्य ॥

सुखं हि दुःखान्यनुभूय शोभते
घनान्धकारेष्विव दीपदर्शनम्।
सुखात्तु यो याति नरो दरिद्रतां
धृतः शरीरेण मृतः स जीवति ॥ 5 ॥ – शूद्रकस्य ॥

सुजनो न याति वैरं परहितनिरतो विनाशकालेऽपि।
छेदेऽपि चन्दनतरुः सुरभयति मुखं कुठारस्य ॥ 6 ॥ – रविगुप्तस्य ॥

## ટિપ્પણ

**નામ : (પુંલ્લિંગ) क्षयः** વિનાશ, નાશ **पादपः** વૃક્ષ, ઝાડ (પાદ અર્થાત્ પગથી-મૂળથી પાણી પીતું હોવાથી વૃક્ષને પાદપ કહે છે.) **मूढः** મૂર્ખ, ઓછી બુદ્ધિવાળો **रविः** સૂર્ય **बालुकानिकरः** રેતીનો ઢગલો **सुजनः** સજ્જન, સારો માણસ **चन्दनतरुः** ચંદનનું વૃક્ષ

**(સ્ત્રીલિંગ) शिक्षा** કેળવણી, શિક્ષણ **दरिद्रता** દરિદ્રપણું, દારિદ્રય

**(નપુંસકલિંગ) मुखम्** અણી, ધાર, અગ્રભાગ **पदम्** પદવી, હોદ્દો, સ્થાન

**સર્વનામ : अन्यतरत्** (નપું.) બેમાંથી કોઈ એક **अन्यः** (પું.) બીજો, પારકો માણસ

**વિશેષણ : सुबद्धमूलाः ( पादपाः )** સારી રીતે બંધાયેલા મૂળવાળાં (વૃક્ષો) **जलस्थानगतम् ( जलम् )** પાણીના સ્થાન (તળાવ કે સમુદ્ર)માં રહેલું (પાણી) **पुराणम् ( काव्यम् )** પ્રાચીન - જૂનું (કાવ્ય) **नवम् ( काव्यम् )** નવું, તાજું (રચાયેલું કાવ્ય) **लब्धपदः ( नीचः )** મેળવ્યું છે પદ જેણે તેવો (નીચ-નગુણો માણસ) **नीच** નીચ, દુષ્ટ માણસ, હલકટ વ્યક્તિ **हुतम्** (યજ્ઞના અગ્નિમાં) હોમેલું **दत्तम्** (કોઈ જરૂરિયાતવાળાને) આપેલું **पुराणम्** જૂનું, પ્રાચીન

**અવ્યય : तथैव** તેમનું તેમ જ, છે તે જ રીતે **प्रायेण** ઘણું કરીને, મોટે ભાગે

**સમાસ:** कालपर्ययात् (कालस्य पर्ययः, तस्मात् – षष्ठी तत्पुरुष)। सुबद्धमूलाः (सुबद्धानि मूलानि येषां ते – बहुव्रीहि)। जलस्थानगतम् (जलस्य स्थानम् (–जलस्थानम्, षष्ठी तत्पुरुष), जलस्थानं गतम् –द्वितीया तत्पुरुष)। पर-प्रत्यय-नेय-बुद्धिः (परेषां प्रत्ययः (परप्रत्ययः, षष्ठी तत्पुरुष), परप्रत्ययेन नेया (–परप्रत्ययनेया, तृतीया तत्पुरुष), परप्रत्ययनेया बुद्धिः यस्य सः – बहुव्रीहि)। लोकोत्तराणाम् (लोकेभ्यः उत्तराः, तेषाम् – पञ्चमी तत्पुरुष)। लब्धपदः (लब्धं पदं येन सः – बहुव्रीहि)। वालुकानिकरः (वालुकानां निकरः – षष्ठी तत्पुरुष)। घनान्धकारेषु (घनः चासौ अन्धकारः, तेषु – कर्मधारय)। दीपदर्शनम् (दीपस्य दर्शनम् – षष्ठी तत्पुरुष)। परहितनिरतः (परेभ्यः हितम् (परहितम्, चतुर्थी तत्पुरुष), परहितेषु निरतः – सप्तमी तत्पुरुष)। विनाशकाले (विनाशस्य कालः, तस्मिन् – षष्ठी तत्पुरुष)। चन्दनतरुः (चन्दनस्य तरुः – षष्ठी तत्पुरुष)।

**કૃદંત : ( क.भू.कृ. ) धृतः** ધારણ કરેલો **मृतः** મરણ પામેલો **( सं.भू.कृ. ) परीक्ष्य** તપાસીને, પરીક્ષા કરીને **अनुभूय** અનુભવીને, અનુભવ કરીને **( हे.कृ. ) विज्ञातुम्** જાણવા માટે

**ક્રિયાપદ : પ્રથમ ગણ (પરસ્મૈપદ) नि + पत् ( निपतति )** પડવું, નીચે પડવું **दह् ( दहति )** બાળવું **जीव् ( जीवति )** જીવવું

**(આત્મનેપદ) भज् ( भजते )** ભજવું **शुभ् ( शोभते )** શોભવું

## વિશેષ

**1. શબ્દાર્થ : कालपर्ययात्** સમયના બદલાવથી **निपतन्ति** નીચે પડી જાય છે. **साधु** સારું, યોગ્ય **अवद्यम्** ટીકા ન કરી શકાય તેવું **पर-प्रत्यय-नेय-बुद्धिः** પર અર્થાત્ પારકાના પ્રત્યય એટલે કે જ્ઞાનથી, વિશ્વાસથી નેય - દોરવાયેલી બુદ્ધિવાળો

**लोकोत्तराणाम्** લોક-સંસારથી ઉપરના (મહાપુરુષો)નાં, સામાન્ય લોકો કરતાં ઊંચા દરજ્જાના માણસોનાં **विज्ञातुम् अर्हति** જાણી શકાય છે. જાણવા યોગ્ય છે. **अन्यस्मात्** બીજી વ્યક્તિ પાસેથી **यादृग् दहति** જેવું બાળે છે **बालुकानिकरः** રેતીનો ઢગલો **घनान्धकारेषु** ઘેરા અંધારામાં **दीपदर्शनम्** દીવાનું દર્શન **परहितनिरतः** પારકાના હિત-કલ્યાણમાં લાગેલો **छेदे अपि** કાપવામાં આવે તો પણ **सुरभयति** સુગંધીદાર બનાવે છે. **कुठारस्य** કુહાડીના (એટલે કે કાપનાર સાધનના)

**2. સંધિ :** पुराणमित्येव (पुराणम् इति एव)। न चापि (न च अपि)। नवमित्यवद्यम् (नवम् इति अवद्यम्)। वज्रादपि (वज्रात् अपि)। कुसुमादपि (कुसुमात् अपि)। को नु (कः नु)। अन्यस्माल्लब्धपदो नीचः (अन्यस्मात् लब्धपदः नीचः)। दुःसहो भवति (दुःसहः भवति)। रविरपि (रविः अपि)। दुःखान्यनुभूय (दुःखानि अनुभूय)। घनान्धकारेष्विव (घनान्धकारेषु इव)। सुखात्तु (सुखात् तु)। यो याति (यः याति)। नरो दरिद्रताम् (नरः दरिद्रताम्)। सुजनो न (सुजनः न)। परहितनिरतो विनाशकालेऽपि (परहितनिरतः विनाशकाले अपि)। छेदेऽपि (छेदे अपि)।

## સ્વાધ્યાય

### 1. विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।

(1) शिक्षा कस्मात् कारणात् क्षयं गच्छति ? ◯

(क) अवस्थापर्ययात् (ख) कालपर्ययात् (ग) बुद्धिपर्ययात् (घ) गुरुपर्ययात्

(2) सन्तः किं कृत्वा अन्यतरत् भजन्ते ? ◯

(क) परीक्ष्य (ख) दृष्ट्वा (ग) अनुभूय (घ) विचार्य

(3) कीदृशः नीचः प्रायेण दुःसहो भवति ? ◯

(क) लब्धपदः (ख) लब्धधनः (ग) लब्धयशाः (घ) लब्धविद्यः

(4) दुःखानि अनुभूय किं शोभते ? ◯

(क) धर्मः (ख) धनम् (ग) विद्या (घ) सुखम्

(5) सुजनो न याति वैरं ............... विनाशकाले अपि। ◯

(क) परहितनिरतः (ख) परकर्मनिरतः (ग) परधर्मनिरतः (घ) परहानिनिरतः

### 2. एकेन वाक्येन संस्कृतभाषायाम् उत्तरत ।

(1) सुबद्धमूलाः पादपाः कस्मात् कारणात् निपतन्ति ?

(2) मूढः जनः कीदृशः भवति ?

(3) लोकोत्तराणां चेतांसि कस्मादपि मृदूनि भवन्ति ?

(4) सुखं कदा शोभते ?

### 3. सन्धिविच्छेदं कुरुत ।

(1) नवमित्यवद्यम् ...............

(2) कुसुमादपि ...............

(3) अन्यस्माल्लब्धपदो नीचः ...............

(4) यो याति ...............

(5) विनाशकालेऽपि ...............

**4. समासप्रकारं लिखत ।**

(1) सुबद्धमूलः ............... (2) लोकोत्तराणाम् ...............

(3) लब्धपदः ............... (4) वालुकानिकरः ...............

(5) परहितनिरतः ...............

**5. रिक्तस्थाने विशेष्यानुसारं योग्यं कोष्ठगतं विशेषणपदं लिखत ।**

(1) ............... पादपाः निपतन्ति। (सुबद्धमूल)

(2) ............... काव्यम् अवद्यं भवति इति न। (नव)

(3) लोकोत्तराणां चेतांसि वज्रादपि ............... भवन्ति। (कठोर)

(4) नीचः प्रायेण ............... भवति। (दुःसह)

(5) ............... सुजनः विनाशकालेऽपि वैरं न याति। (परहितनिरत)

**6. गुर्जरभाषायां संक्षिप्तं टिप्पणं लिखत ।**

(1) મૂઢ અને સજ્જનનો ભેદ

(2) નીચ માણસની માનસિકતા

(3) સુજનની સુજનતાનું સ્વરૂપ

**7. गुर्जरभाषायाम् अर्थविस्तारं कुरुत ।**

(1) शिक्षा क्षयं गच्छति कालपर्ययात्
सुबद्धमूलाः निपतन्ति पादपाः।
जलं जलस्थानगतं च शुष्यति
हुतं च दत्तं च तथैव तिष्ठति ॥

(2) वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि।
लोकोत्तराणां चेतांसि को नु विज्ञातुमर्हति ॥

(3) सुखं हि दुःखान्यनुभूय शोभते
घनान्धकारेष्विव दीपदर्शनम्।
सुखात्तु यो याति नरो दरिद्रतां
धृतः शरीरेण मृतः स जीवति ॥

**પ્રવૃત્તિ**

- મહાકવિ કાલિદાસના મહાકાવ્યમાંથી તમને પસંદ પડે તેવું કોઈ એક પદ્ય લખો.
- કર્ણભારનું કથાવસ્તુ સંક્ષેપમાં લખો.